ક્લિનિકલ ફાર્માસિસ્ટો ઊચ્ચ લાયકાતો પ્રાપ્ત આરોગ્ય વ્યવસાયિકો હોય છે જેમણે દવાઓ તેમજ તે કેવી રીતે કામ કરે છે તે વિષયમાં નિષ્ણાત બનવા માટે ઘણાં વર્ષો સુધી તાલીમ લીધેલી હોય છે.

જનરલ પ્રેક્ટીસ ટીમના ભાગ તરીકે, તેઓ સીધા જ તમારી સાથે મળીને કામ કરી શકે છે, જેથી તમારી દવાઓ તમને સાજાં થવામાં અને તંદુરસ્ત રહેવામાં મદદ કરે છે તેની ખાતરી કરી શકાય.

પ્રેક્ટીસ ટીમમાં ક્લિનિકલ ફાર્માસિસ્ટ હોવાને કારણે તમારી જરૂરતો માટે સર્વોત્તમ વ્યવસાયિકો દ્વારા તમારો ઈલાજ કરી શકાય છે.

તમામ ફાર્મસિસ્ટ જનરલ ફાર્માસ્યૂટિકલ કાઉન્સિલ સાથે નોંધાયેલા હોય છે.



**વધુ માહિતી અને વ્યક્તિગત કેસ અભ્યાસો માટે કૃપા કરીને અહીં એન.એચ.એસ. ઈંગ્લેન્ડની મુલાકાત લો**

www.england.nhs.uk/commissioning/primary-care-comm/gp-action-plan/cp-gp-pilot

**અને રોયલ ફાર્મસ્યૂટિકલ સોસાઈટીની અહીં**

www.rpharms.com/our-campaigns/pharmacists-and-gp-surgeries

ફોટા સેટેલાઈટ પિક્ચર્સ અને ધ ઓલ્ડ સ્કૂલ સર્જરી, બ્રિસ્ટલ દ્વારા પૂરા પાડવામાં આવેલ છે.

2904815



# ક્લિનિકલ ફાર્માસિસ્ટ એટલે શું?

**Gujarati**



## હું ક્લિનિકલ ફાર્મસિસ્ટને ક્યારે મળીશ?

તમને તમારી દવાઓ વિશે જ્યારે નિષ્ણાતની સલાહની જરૂર પડશે ત્યારે તમે ક્લિનિકલ ફાર્મસિસ્ટને મળશો.

જો તમારી બીમારીનું નિદાન કરવાની જરૂર હોય, તો તમે સામાન્ય રીતે પહેલાં જીપીને મળશો, જેઓ તે પછી તમને પ્રેક્ટીસ નર્સ અથવા ક્લિનિકલ ફાર્મસિસ્ટ પાસે જવા માટે રીફર કરશે.

**ક્લિનિકલ ફાર્મસિસસ્ટ કેવી રીતે મદદ કરી શકે તેનાં કેટલાંક ઉદાહરણો નીચે આપેલાં છે:**

### લાંબા સમયની બીમારીઓ

જો તમને એસ્થમા (દમ), ટાઈપ 2 ડાયાબીટીસ (સાકરની બીમારી), આર્થરાઈટિસ (વા) અથવા હાઈ બ્લડ પ્રેશર (લોહીનું ઊંચું દબાણ) જેવી બીમારીઓ હોય, તો તમે જે દવાઓ લઈ રહ્યાં હશો તે તમારા માટે કામ કરી રહી છે તે અંગે ક્લિનિકલ ફાર્મસિસ્ટ તમારી સાથે ચર્ચા કરીને ખાતરી કરશે. તમારી બીમારી સંભાળવામાં તમારી મદદ કરવા માટે તેઓ તમારી જીવનશૈલીમાં ફેરફારો કરવામાં પણ મદદ કરી શકે છે.

### આડઅસરોનો અનુભવ થવો

જો તમને તમારી દવાઓની આડઅસરો થઈ રહી હોય, તો તમે અને ક્લિનિકલ ફાર્મસિસ્ટ આ બાબતે ચર્ચા કરી શકો છો અને તેનો ઉકેલ લાવવા સાથે મળીને કામ કરી શકો છો, જેમ કે તમારી દવાઓ અથવા તેનું પ્રમાણ બદલવું.

જો તમે અનેક જુદી જુદી દવાઓ લેતાં હો, તો તે બધી દવાઓ સાથે મળીને સારી રીતે કામ કરી રહી હોવાની ખાતરી કરવામાં ક્લિનિકલ ફાર્મસિસ્ટ મદદ કરી શકે છે.

### તમારી દવાઓ ઉપર ફેરવિચારણા કરવી

જો તમે લાંબા સમયથી દવાઓ લઈ રહ્યાં હો, તો ઓછામાં ઓછા વર્ષમાં એકવાર દવાઓ ઉપર ફેરવિચારણા માટે તમને જોવામાં આવવાં જોઈએ.

ક્લિનિકલ ફાર્મસિસ્ટ તમારી બધી જ દવાઓ ઉપર ફેરિવચારણા કરી શકે છે, તમારા માટે તે કેવી રીતે કામ કરી રહી છે તેની ચર્ચા કરી શકે છે અને તમારું બ્લડ પ્રેશર માપવા જેવી આરોગ્ય તપાસ કરી શકે છે. તેઓ તમારા માટે બ્લડ ટેસ્ટ (લોહીની તપાસ) અથવા બીજા ટેસ્ટ કરાવવાની ગોઠવણ પણ કરી આપી શકે છે.

### હોસ્પીટલમાં રોકાણ બાદ

તમે હોસ્પીટલમાં હો તે દરમ્યાન જો તમારી દવાઓ બદલવામાં આવી હોય, તો ક્લિનિકલ ફાર્મસિસ્ટ આ ફેરફારો સમજાવવામાં મદદ કરી શકે છે અને તમને તે દવાઓથી મહત્તમ ફાયદો મળી રહે તેની ખાતરી કરી શકે છે.

### સાધારણ બીમારીઓ

જો તમને શરદી, હે ફીવર, ઝાડા અથવા આંખના ઈન્ફેક્શન જેવી સાધારણ બીમારીઓ થઈ હોય, તો તમે તમારા જીપીને બદલે ક્લિનિક ફાર્મસિસ્ટને મળી શકો છો. ક્લિનિકલ ફાર્મસિસ્ટ તમારી બીમારીના ઈલાજ માટે દવાઓ લખી આપી શકે એવું બને. જો જરૂર જણાશે તો તમને હંમેશાં જીપી પાસે રીફર કરવામાં આવશે.

## તમારી અપોઈન્ટમેન્ટ

તમે જ્યારે જીપી અથવા પ્રેક્ટીસ નર્સને મળશો ત્યારે જ તમે એક અંગત કન્સલ્ટેશન રૂમમાં ક્લિનિકલ ફાર્મસિસ્ટને મળશો.

ફાર્મસિસ્ટને મળવાને કારણે ડોક્ટર સાથેની તમારી અપોઈન્ટમેન્ટ રદ કરવામાં આવશે નહિ. તમને જરૂર હશે તો તમે હજુ પણ તમારા જીપીને મળી શકશો.

ક્લિનિકલ ફાર્મસિસ્ટ તમને તમારી દવાઓ નહિ આપે. તમારે તમારી દવાઓ દવાની સામાજિક દુકાન (કમ્યુનિટી ફાર્મસી) પરથી અથવા ડિસ્પેન્સીંગ ડોક્ટર પાસેથી પહેલાંની જેમ જ લેવી જોઈએ.

તમારે તમારી અપોઈન્ટમેન્ટ રદ કરવાની અથવા ફરીથી ગોઠવવાની જરૂર હોય તો કૃપા કરીને સર્જરીને તેની જાણ કરો.

